

PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 297
Dt.: 08-07-2026,
Wednesday
Page : 04
Rs.00.50 paisa

### ઈન્ડોનેશિયા પ્રવાસ દરમિયાન PM મોદીનું સંબોધન

# ભારતની નીતિ વિસ્તારવાદ નહીં, વિકાસવાદની છે, ઈન્ડોનેશિયાની સંસદમાં મોદીએ આપ્યો સંદેશ

## PM મોદીને મળ્યું ઈન્ડોનેશિયાનું સર્વોચ્ચ સન્માન, બંને દેશોના સંબંધો વધુ મજબૂત કરવાની વાત

(સંપૂર્ણ સમાચાર સેવા)જકાર્તા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્ડોનેશિયાની સંસદને સંબોધિત કરતા ભારતની નીતિ અને વૈશ્વિક ભૂમિકા અંગે મહત્વપૂર્ણ વાતો કરી હતી. તેમણે કહ્યું કે ભારતની નીતિ વિસ્તારવાદની નહીં પરંતુ વિકાસવાદની છે. ભારત વિશ્વ સાથે સહયોગ, શાંતિ અને વિકાસના માર્ગ પર આગળ વધવામાં વિશ્વાસ રાખે છે. તેમણે 'સબકા સાથ, સબકા વિકાસ'ના મંત્રને ભારતની વિકાસ યાત્રાનો આધાર ગણાવ્યો હતો.

ઈન્ડોનેશિયાની સંસદમાં સંબોધન દરમિયાન વડાપ્રધાન મોદીએ ૧૪૦ કરોડ ભારતીયો તરફથી ઈન્ડોનેશિયાના લોકોને શુભેચ્છા પાઠવી હતી. તેમણે કહ્યું કે ઈન્ડોનેશિયાની સંસદમાં હાજર રહેવું તેમના માટે ગૌરવ અને સૌભાગ્યની વાત છે. ઈન્ડોનેશિયાના લોકો દ્વારા મળેલા પ્રેમ, સન્માન અને આત્મીય સ્વાગતને તેઓ જીવનભર યાદ રાખશે.વડાપ્રધાન મોદીએ કહ્યું કે ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેના સંબંધો માત્ર રાજકીય કે આર્થિક નથી, પરંતુ બંને દેશોની હજારો વર્ષ જૂની સાંસ્કૃતિક અને ઐતિહાસિક વિરાસત સાથે જોડાયેલા છે. બંને દેશોના લોકો વચ્ચેનો વિશ્વાસ અને મિત્રતા આ સંબંધોને વધુ મજબૂત બનાવે છે.

પોતાના સંબોધનમાં વડાપ્રધાન મોદીએ ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો સાથેના સંબંધોનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે મિત્રતા અને સન્માન કોઈ સીમામાં બંધાયેલા નથી. ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેના સંબંધો પરસ્પર વિશ્વાસ અને સહયોગના આધારે સતત આગળ વધી રહ્યા છે.

PM મોદીએ જણાવ્યું કે ભારત દુનિયામાં પોતાની ભૂમિકા વિકાસ અને સહયોગના માધ્યમથી મજબૂત બનાવી રહ્યું છે. તેમણે કહ્યું કે ભારત કોઈપણ પ્રકારના વિસ્તારવાદમાં નહીં પરંતુ વિકાસવાદમાં વિશ્વાસ રાખે છે. ભારતનો પ્રયાસ હંમેશા એ રહ્યો છે કે દુનિયાના દેશો સાથે મળીને વિકાસના નવા માર્ગો શોધવામાં આવે.

આ પ્રસંગે ઈન્ડોનેશિયાએ વડાપ્રધાન મોદીને દેશનું સર્વોચ્ચ નાગરિક અને સૈન્ય સન્માન 'બિંતાંગ આદિપૂર્ણ' એનાયત કર્યું હતું. ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો દ્વારા તેમને આ સન્માન આપવામાં આવ્યું હતું. આ સન્માનને ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેના મજબૂત સંબંધોનું પ્રતીક માનવામાં આવી રહ્યું છે.

સન્માન સ્વીકારતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે આ સન્માન માત્ર તેમનું નહીં પરંતુ સમગ્ર ભારતના લોકોનું સન્માન છે. તેમણે ઈન્ડોનેશિયાની સરકાર અને જનતાનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે આ પુરસ્કાર બંને દેશોના લોકતાંત્રિક મૂલ્યો, સહિયારી સંસ્કૃતિ અને સતત મજબૂત બની રહેલા સંબંધોને દર્શાવે છે.

વડાપ્રધાન મોદીના આ પ્રવાસ દરમિયાન બંને દેશો વચ્ચે વેપાર, સંરક્ષણ, ટેક્નોલોજી, સંસ્કૃતિ અને વિકાસ ક્ષેત્રે સહયોગ વધારવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. ભારત અને ઈન્ડોનેશિયા એશિયાના મહત્વપૂર્ણ દેશો છે અને બંને વચ્ચેના સંબંધો પ્રાદેશિક સ્થિરતા માટે પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.



ઈન્ડોનેશિયાની સંસદમાં વડાપ્રધાન મોદીના સંબોધનને બંને દેશોની મિત્રતાને નવી દિશા આપનારું પગલું માનવામાં આવી રહ્યું છે. ભારતે ફરી એકવાર સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે તે વિશ્વમાં શાંતિ, સહયોગ અને વિકાસ આધારિત ભાગીદારીને પ્રાથમિકતા આપે છે.

# યુપીઆઈ સહિત ૩ મહત્ત્વના કરારો પર મહોર: ૩ મહત્ત્વના કરારોથી સંબંધોને નવી ગતિ

### જકાર્તા પહોંચતા વડાપ્રધાન મોદીના વિમાનને ઈન્ડોનેશિયન વાયુસેનાના ફાઈટર જેટ્સ દ્વારા એસ્કોર્ટ આપવામાં આવ્યું હતુ

(સંપૂર્ણ સમાચાર સેવા)જકાર્તા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઈન્ડોનેશિયા મુલાકાત દરમિયાન ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોને નવી દિશા આપતા અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્તોએ વડાપ્રધાન મોદીને દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન 'બિન્તાંગ આદિપૂર્ણ' સન્માનિત કરવાની જાહેરાત કરી હતી. આ પ્રસંગે બંને દેશોએ વેપાર, ડિજિટલ પેમેન્ટ, સંરક્ષણ અને મહત્વપૂર્ણ ખનિજોના ક્ષેત્રમાં સહયોગ વધારવા માટે ત્રણ મહત્વપૂર્ણ કરારો પર સહમતિ વ્યક્ત કરી હતી.

જકાર્તા પહોંચતા વડાપ્રધાન મોદીના વિમાનને ઈન્ડોનેશિયન વાયુસેનાના ફાઈટર જેટ્સ દ્વારા એસ્કોર્ટ આપવામાં આવ્યું હતું. એરપોર્ટ પર પરંપરાગત વિધિ સાથે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્તો વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી, જેમાં બંને દેશો વચ્ચેના વ્યૂહાત્મક અને આર્થિક સહયોગને વધુ મજબૂત બનાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.સંયુક્ત પત્રકાર પરિષદ દરમિયાન વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે ભારતની યુપીઆઈ (UPI) ડિજિટલ પેમેન્ટ સિસ્ટમને ઈન્ડોનેશિયાની પેમેન્ટ સિસ્ટમ સાથે જોડવામાં આવશે, જેના કારણે બંને દેશો વચ્ચે ડિજિટલ લેવડદેવડ વધુ સરળ બનશે. ઉપરાંત ક્રિટિકલ મિનરલ્સ, સ્ટીલ અને સપ્લાય ચેઈનને મજબૂત બનાવવા માટે પણ સહયોગ વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સંરક્ષણ અને દરિયાઈ સુરક્ષાના ક્ષેત્રમાં પણ ભાગીદારી વધુ ગાઢ બનાવવામાં આવશે.

સર્વોચ્ચ સન્માન બદલ આભાર વ્યક્ત કરતાં વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે આ સન્માન માત્ર તેમનું નહીં પરંતુ ૧૪૦ કરોડ ભારતીયોનું ગૌરવ છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેની વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી આગામી વર્ષોમાં વધુ મજબૂત બનશે.

વૈશ્વિક મુદ્દાઓ પર પોતાના વિચારો વ્યક્ત કરતાં વડાપ્રધાન મોદીએ પેલેસ્ટાઈન પ્રશ્નના શાંતિપૂર્ણ ઉકેલ માટે ભારતના પરંપરાગત 'ટુ-સ્ટેટ સોલ્યુશન'ના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો હતો.

તેમણે જણાવ્યું કે વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં સંવાદ, રાજદ્વારી અને શાંતિપૂર્ણ ઉકેલ જ લાંબા ગાળાની સ્થિરતા માટે શ્રેષ્ઠ માર્ગ છે.

# અમેરિકાની ઈમિગ્રેશન નીતિ: અમેરિકામાં ગ્રીનકાર્ડના નિયમોમાં મોટું પરિવર્તન થશે

### રોજગાર આધારિત ગ્રીનકાર્ડ પ્રક્રિયામાં મોટા ફેરફારોની તૈયારી; ભારતીય પ્રોફેશનલ્સ પર પણ પડશે સીધી અસર

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પની સરકાર એમ્પ્લોઈમેન્ટ બેઝ્ડ ગ્રીનકાર્ડના નિયમોમાં આમૂલ પરિવર્તન કરવા જઈ રહી છે. અરજદાર અને તેમને નોકરીએ રાખતી અમેરિકન કંપનીએ ગ્રીનકાર્ડની અરજી કરતી વખતે એ સાબિત કરવું જરૂરી બની જશે કે જે તે વિદેશી નાગરિક એ કંપની માટે કે અમેરિકા માટે શું કામ જરૂરી છે? શું તેનો અમેરિકન વિકલ્પ તેમને મળ્યો નથી? પરમેનન્ટ લેબર સર્ટિફિકેશન પ્રોગ્રામ (પીઈઆરએમ)માં ફેરફાર થશે એટલે તેની અસર આ ગ્રીનકાર્ડના અરજદારો પર પડશે.અમેરિકાના લેબર વિભાગે એક તજવીજ હાથ ધરી છે. પરમેનન્ટ લેબર સર્ટિફિકેશન પ્રોગ્રામમાં મોટા ફેરફારો થશે. સરકારી અધિકારીઓએ કહ્યું હતુ કે અત્યારની હાઈરિંગ પ્રોસેસમાં ફેરફાર જરૂરી બની ગયો છે.

અમેરિકન યુવાનોને રોજગાર મળે તે માટે ખાસ યોજનાના ભાગરૂપે આ નવો નિયમ આવી રહ્યો છે. ૨૦ વર્ષ પછી ગ્રીનકાર્ડના નિયમોમાં ફેરફાર થશે. ૨૦૦૪માં છેલ્લે મોટું પરિવર્તન આવ્યું હતું. અમેરિકન અધિકારીઓના કહેવા પ્રમાણે જૂના નિયમોમાં ફેરફારની તીવ્ર જરૂરિયાત છે, કારણ કે ટેકનોલોજી અને નોકરીઓમાં ઘણા ફેરફાર થયા છે. અમેરિકન નાગરિકોની નોકરીઓની સુરક્ષા માટે પણ આ આવશ્યક પગલું છે.લેબર માર્કેટમાં એ ટેસ્ટ જરૂરી બની જશે કે જેમાં સાબિત કરવું પડશે કે જે જોબ માટે વિદેશી નાગરિકની ભલામણ ગ્રીનકાર્ડ માટે થઈ રહી છે એના માટે કોઈ અમેરિકન પ્રોફેશ્નલ લાયક નથી. કંપનીઓએ અરજી વખતે જ આ ટેસ્ટ સર્ટિફિકેટ જોડવું પડશે. વળી, નોકરી વાસ્તવિક છે કે માત્ર કાગળ પર છે તેની પણ સઘન તપાસ થશે. તેના કારણે ભારતીયો સહિત વિદેશી પ્રોફેશ્નલ્સ માટે ગ્રીનકાર્ડની પ્રોસેસ અઘરી બની જશે. વિદેશી ટેલેન્ટને આવકારતા પહેલાં અમેરિકન કંપનીઓએ એ વાતની સાબિતી આપવી પડશે કે તેમની પાસે દેશી ટેલેન્ટનો અભાવ છે.આ કામ અમેરિકન કંપનીઓ માટે બેહદ મુશ્કેલ બની જશે. આ પ્રોસેસ સીધી રીતે ગ્રીનકાર્ડના નિયમોમાં ફેરફાર નથી. પીઈઆરએમની પ્રોસેસમાં ફેરફાર છે. પણ આ ફેરફારની સીધી અસર એમ્પ્લોઈમેન્ટ ગ્રીનકાર્ડની પ્રોસેસ પર પડશે. આ નિયમમાં ફેરફાર કરવા માટે ડ્રાફ્ટ તૈયાર થઈ ગયો છે. તે માટે નાગરિકોના અને લાગતા-વળગતા વિભાગોના સૂચનો લેવામાં આવશે ને પછી તેને સત્તાવાર સ્વરુપ આપવામાં આવશે.

# સિરિયામાં સુરક્ષા ભંગ: દમાસ્કસમાં શ્રેણીબદ્ધ મોટો બોમ્બ બ્લાસ્ટ થયો

### ફ્રાન્સના પ્રમુખ મેક્રોન રોકાયા હતા તે હોટેલ નજીક વિસ્ફોટ; પ્રમુખ સુરક્ષિત, સમગ્ર વિસ્તારમાં સુરક્ષા કડક

(સંપૂર્ણ સમાચાર સેવા)દમાસ્કસ

સિરિયાની રાજધાની દમાસ્કસમાં મંગળવારે થયેલા શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટોથી સમગ્ર શહેરમાં અફરાતફરી મચી ગઈ હતી. વિસ્ફોટો ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન રોકાયા હતા તે હોટેલની નજીક થયા હોવાનું સામે આવ્યું છે. ઘટનાને પગલે સિરિયાની સુરક્ષા વ્યવસ્થા પર ફરી સવાલો ઊભા થયા છે. જોકે, ફ્રાન્સના પ્રમુખ આ ઘટનામાં સંપૂર્ણપણે સુરક્ષિત હોવાનું ફ્રેન્ચ સત્તાવાળાઓએ સ્પષ્ટ કર્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ વિસ્ફોટો સમયે પ્રમુખ મેક્રોન હોટેલમાં હાજર નહોતા. તેઓ તે સમયે સિરિયાના નવા પ્રમુખ અહેમદ અલ-શરા સાથે સત્તાવાર બેઠકમાં વ્યસ્ત હતા. ઘટના બાદ સુરક્ષા દળોએ હોટેલ અને આસપાસના સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને તમામ માર્ગો સીલ કરી દીધા હતા. ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી છે અને હુમલાખોરોની ઓળખ માટે સુરક્ષા એજન્સીઓ કાર્યરત બની છે.

ફ્રાન્સના રાષ્ટ્રપતિ કાર્યાલયે જણાવ્યું છે કે વિસ્ફોટો છતાં પ્રમુખ મેક્રોનનો પ્રવાસ પૂર્વનિર્ધારિત કાર્યક્રમ મુજબ જ ચાલુ રહેશે. આ હુમલા પાછળ કયા સંગઠનનો હાથ છે તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી. મેક્રોનની આ મુલાકાત રાજદ્વારી દૃષ્ટિએ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. બશર અલ-અસદના શાસનના અંત બાદ સિરિયાની મુલાકાત લેનારા તેઓ યુરોપિયન યુનિયનના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ બન્યા છે. તેમની મુલાકાતનો મુખ્ય હેતુ સિરિયાના નવા નેતૃત્વ સાથે દ્વિપક્ષીય સંબંધો અને પ્રાદેશિક સ્થિરતા અંગે ચર્ચા કરવાનો હતો. વિશ્લેષકોના મતે તાજેતરના રાજકીય પરિવર્તન છતાં સિરિયામાં સુરક્ષાની સ્થિતિ હજુ પણ પડકારજનક છે.

વર્ષો સુધી ચાલેલા ગૃહયુદ્ધ અને વિવિધ સશસ્ત્ર સંગઠનોની હાજરીને કારણે દેશમાં સ્થિરતા સ્થાપિત કરવી નવા શાસન માટે મોટો પડકાર બની રહી છે. દમાસ્કસમાં થયેલા આ વિસ્ફોટોએ ફરી એકવાર સિરિયાની સુરક્ષા વ્યવસ્થાની ગંભીર સ્થિતિ ઉજાગર કરી છે.

# અમેરિકાએ આઈફોનને જમીનમાં દાટયો: ૨૫૦ વર્ષ પછી ખુલશે

(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન

અમેરિકાએ સ્વતંત્રતાની ૨૫૦ વર્ષની ઉજવણી કરી. એ દરમિયાન એક અનોખો પ્રયોગ પણ કરવામાં આવ્યો છે. એક ટાઈમ કેપ્સૂલમાં અમેરિકાએ આજના સમયની અમુક ચીજો સાચવવાનું નક્કી કર્યું છે, એમાં આઈફોનનો પણ સમાવેશ થાય છે. એને જમીનમાં દાટી દેવામાં આવશે અને ૨૫૦ વર્ષ પછી ખોલાશે. ૨૨૭૬માં જ્યારે અમેરિકા તેની સ્વતંત્રતાના ૫૦૦ વર્ષની ઉજવણી કરતું હશે ત્યારે એ સમયના અમેરિકનો જમીનમાં દાટવામાં આવેલી ટાઈમ કેપ્સૂલ બહાર કાઢશે. ૪૦૮ કિલો વજનના આ ખાસ પ્રકારના ડબ્બામાં એટલે કે ટાઈમ કેપ્સૂલમાં અમેરિકાની કલા-સંસ્કૃતિને લગતી ચીજવસ્તુઓ મૂકવામાં આવી છે, પરંતુ ચર્ચા આઈફોનની વધારે થઈ છે. આઈફોન અમેરિકાની ટેકનોલોજીની ક્રાંતિનું પ્રતીક છે. આ ટાઈમ કેપ્સૂલમાં આઈફોન-૧૭ પ્રો-મેક્સને મૂકવામાં આવ્યો છે. જ્યારે ૨૫૦ વર્ષ પછી ૨૩મી સદીનો માનવી આ ટાઈમ કેપ્સૂલ ઓપન કરશે ત્યારે તેને આજના અમેરિકન સમાજ અને અમેરિકાની ટેકનોલોજીની જાણકારી મળશે.

# હોર્મુઝમાં જહાજો પર હુમલાથી ક્રૂડ ઓઈલના ભાવ ૭૨ ડૉલરને પાર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મિડલ ઈસ્ટમાં ફરી એકવાર તણાવ વધવાના સંકેતો મળ્યા છે. હોર્મુઝ સ્ટ્રેટ નજીક વ્યાપારી જહાજો પર મિસાઈલ હુમલાના અહેવાલો બાદ આંતરરાષ્ટ્રીય કાચા તેલના બજારમાં હલચલ જોવા મળી છે. હુમલાના સમાચાર આવતા જ ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો નોંધાયો છે અને બ્રેન્ટ ક્રૂડ ૭૨.૫૧ ડૉલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગયું છે.

હોર્મુઝ સ્ટ્રેટ દુનિયાના સૌથી મહત્વપૂર્ણ તેલ માર્ગોમાંથી એક છે. વિશ્વની કુલ તેલ જરૂરિયાતના આશરે ૨૦ ટકા હિસ્સાનો વેપાર આ માર્ગ દ્વારા થાય છે. તેથી આ વિસ્તારમાં કોઈપણ તણાવ અથવા હુમલાની સીધી અસર વૈશ્વિક ઊર્જા બજાર પર પડે છે.

ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ દ્વારા હોર્મુઝ નજીક બે વ્યાપારી જહાજો પર હુમલો કરવામાં આવ્યો હોવાની માહિતી સામે આવી છે. અમેરિકાના એક વરિષ્ઠ અધિકારીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું કે આ ઘટનાથી અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી શાંતિ વાર્તાઓ પર અસર પડી શકે છે.

આ ઉપરાંત યુનાઈટેડ કિંગડમ મેરિટાઈમ ટ્રેડ ઓપરેશન્સ (UKMTO)એ પણ હોર્મુઝ સ્ટ્રેટ નજીક ઓમાનના દરિયાકાંઠે એક ઓઈલ ટેંકર સાથે અજ્ઞાત વસ્તુ અથડાવાની માહિતી આપી છે. આ ઘટનામાં ટેંકરમાં આગ લાગવાની વાત પણ સામે આવી છે. જોકે, સમગ્ર મામલાની વધુ તપાસ ચાલી રહી છે.

હુમલાના અહેવાલો પહેલાં કાચા તેલના ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો હતો, પરંતુ મંગળવારે બજારમાં અચાનક તેજી આવી હતી. બ્રેન્ટ ક્રૂડ લગભગ ૧ ટકાના ઉછાળા સાથે ૭૨.૫૧ ડૉલર પ્રતિ બેરલ પર પહોંચ્યું, જ્યારે વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમિડિયેટ (WTI) પણ ૭૦ ડૉલરની નજીક પહોંચી ગયું. મર્બન ક્રૂડના ભાવમાં પણ વધારો નોંધાયો છે. દરમિયાન અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ વાર્તાને લઈને પણ અનિશ્ચિતતા વધી છે. બંને દેશો વચ્ચે આગામી તબક્કાની બેઠક ૧૧ જુલાઈ આસપાસ યોજાઈ શકે તેવી ચર્ચા ચાલી રહી છે. પાકિસ્તાનના ઈસ્લામાબાદ અથવા સ્વિત્ઝર્લેન્ડમાં બેઠક યોજાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

હાલ વિશ્વના દેશોની નજર હોર્મુઝ સ્ટ્રેટની સ્થિતિ પર છે. જો તણાવ વધુ વધશે તો તેની અસર માત્ર ક્રૂડ ઓઈલના ભાવ પર નહીં પરંતુ વૈશ્વિક મોંઘવારી અને અર્થતંત્ર પર પણ પડી શકે છે.

## જયપુરમાં બેકાબૂ ટ્રકે પાંચને કચડ્યા, ત્રણનાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)જયપુર

રાજસ્થાનની રાજધાની જયપુરમાં મંગળવારે સવારે અજમેર રોડ પર આવેલા ૨૦૦ ફૂટ બાયપાસ પર એક ગોઝારો માર્ગ અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે દોડી રહેલો ટ્રેલર ટ્રક અચાનક બેકાબૂ બની રસ્તાની રેલિંગ તોડીને ફૂટપાથ તરફ ઘૂસી ગયો હતો. આ દરમિયાન રસ્તાની બાજુમાં ફુગ્ગા અને અન્ય વસ્તુઓ વેચી રહેલા એક પરિવારને ટ્રકે કચડી નાખ્યો હતો. આ દુર્ઘટનામાં ત્રણ બાળકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે અન્ય બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ ટ્રેલર ટ્રક લગભગ ૧૦૦ મીટર સુધી બેકાબૂ હાલતમાં દોડ્યો હતો અને ત્યારબાદ ફૂટપાથ પર ઉભેલા પરિવારને ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે મૃતકોના શરીરને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને ઘટનાસ્થળે અરાજકતા સર્જાઈ ગઈ હતી.



# સાબરકાંઠા જિલ્લાના ઈડરમાં તિરંગા સર્કલથી બસસ્ટેન્ડ વચ્ચેના ગેરકાયદેસર દબાણો દુર કરાયા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના ઈડરમાં ગેરકાયદેસર દબાણોનો રાફડો ફાટયો હતો. ત્યારે ઈડરના તિરંગા સર્કલથી બસસ્ટેન્ડ વચ્ચેના રોડ પર છેલ્લા કેટલાક સમયથી લારી ગલ્લાવાળાઓ આડેધડ દબાણો કરીને રોડ રસ્તો સાંકડો કરી નાંખ્યો હતો. ત્યારે ઈડર નગરપાલિકા અને પોલીસ તંત્રના સહિયારા પ્રયાસથી રોડ ખુલ્લો કરાયો હતો. ઈડરમાં ચીફ ઓફીસર જૈમિન ચૌધરી, ઈડર ડીવાયએસપી સ્મિત ગોહિલ, ઈડર પોલીસ સ્ટેશનના પીઆઈ આર એ ચૌધરીની આગેવાની હેઠળ શહેરમાં દબાણો દુર કરવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી.



જેના ભાગરૂપે તિરંગા સર્કલ, મામલતદાર કચેરી આગળથી બસસ્ટેન્ડ સુધીના મુખ્ય માર્ગ પર ઉભા રહેતા લારી ગલ્લા, રોડ પરના અવરોધ રૂપ ચીજ વસ્તુઓ તેમજ ગેરકાયદે મુકવામાં આવેલા બોર્ડ દુર કરાયા હતા. વલાસણા રોડની બાજુમાં આડેધડ પાર્ક કરાયેલી બાઈકો અને એકિટવા પણ હટાવી લેવામાં આવી હતી. કાર્યવાહી દરમિયાન જપ્ત કરવામાં આવેલા બોર્ડ, લારીઓ અને અન્ય સામગ્રીને ઈડર નગરપાલિકામાં લાવી દેવાયા હતા. ડીવાયએસપી એ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે શહેરમાં ટ્રાફીક વ્યવસ્થા જળવાઈ રહે, દબાણ મુકત માર્ગો ઉપલબ્ધ બને અને સામાન્ય નાગરીકોને અવરજવરમાં મુશ્કેલી ન પડે તે હેતુથી આવી કાર્યવાહી આગામી સમયમાં પણ ચાલુ રહેશે.

# વડોદરા સ્ટેશન પર પ્લેટફોર્મ વિસ્તરણના સિવિલ વર્કને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત

પશ્ચિમ રેલવેએ રેલ સંચાલનના આધુનિકીકરણની દિશામાં મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરતાં તાજેતરમાં વડોદરા સ્ટેશન પર વ્યાપક સિગ્નલિંગ અપગ્રેડેશન તેમજ યાર્ડ રી-મોડેલિંગનું કાર્ય સફળતાપૂર્વક લગભગ પૂર્ણ કર્યું છે. હાલમાં પ્લેટફોર્મ નં. ૪ અને ૫ના વિસ્તરણનું સિવિલ કાર્ય ચાલી રહ્યું છે, જેના માટે ટ્રાફિક બ્લોક લેવામાં આવી રહ્યો છે. પરિણામે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. પ્રભાવિત ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

શોર્ટ ટર્મિનેટ/શોર્ટ ઓરિજિનેટ થનારી ટ્રેનો:

ટ્રેન નં. ૧૯૦૩૬ અમદાવાદ–વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ તા. ૦૯ અને ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ બાજવા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે તથા બાજવા–વડોદરા વચ્ચે રદ રહેશે.

ટ્રેન નં. ૧૯૦૩૫ વડોદરા–અમદાવાદ ઈન્ટરસિટી એક્સપ્રેસ તા. ૦૯ અને ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ બાજવા સ્ટેશન પરથી શોર્ટ ઓરિજિનેટ થશે તથા વડોદરા–બાજવા વચ્ચે રદ રહેશે.

ટ્રેન નં. ૨૨૯૫૯ વડોદરા–જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ તા. ૦૯ અને ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ બાજવા સ્ટેશન પરથી શોર્ટ ઓરિજિનેટ થશે તથા વડોદરા–બાજવા વચ્ચે રદ રહેશે.

ટ્રેન નં. ૨૨૯૬૦ જામનગર–વડોદરા પેસેન્જર તા. ૦૯ અને ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ બાજવા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે તથા બાજવા–વડોદરા વચ્ચે રદ રહેશે.

ટ્રેન નં. ૬૯૧૦૧ વડોદરા–વટવા મેમુ તા. ૦૯ અને ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ બાજવા સ્ટેશન પરથી શોર્ટ ઓરિજિનેટ થશે તથા વડોદરા–બાજવા વચ્ચે રદ રહેશે.

ટ્રેન નં. ૬૯૧૧૫ વડોદરા–વટવા મેમુ તા. ૦૯ અને ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ બાજવા સ્ટેશન પરથી શોર્ટ ઓરિજિનેટ થશે તથા વડોદરા–બાજવા વચ્ચે રદ રહેશે.

ટ્રેન નં. ૬૯૧૧૩ વડોદરા–વટવા મેમુ તા. ૦૯ અને ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ બાજવા સ્ટેશન પરથી શોર્ટ ઓરિજિનેટ થશે તથા વડોદરા–બાજવા વચ્ચે રદ રહેશે.

ટ્રેન નં. ૬૯૧૦૭ વડોદરા–વટવા મેમુ તા. ૦૯ અને ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ બાજવા સ્ટેશન પરથી શોર્ટ ઓરિજિનેટ થશે તથા વડોદરા–બાજવા વચ્ચે રદ રહેશે.

ટ્રેન નં. ૬૯૧૧૪ વટવા–વડોદરા મેમુ તા. ૦૯ અને ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ બાજવા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે તથા બાજવા–વડોદરા વચ્ચે રદ રહેશે.

ટ્રેન નં. ૬૯૧૦૮ વટવા–વડોદરા મેમુ તા. ૦૯ અને ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ બાજવા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે તથા બાજવા–વડોદરા વચ્ચે રદ રહેશે.

ટ્રેન નં. ૬૯૧૦૨ વટવા–વડોદરા મેમુ તા. ૦૯ અને ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ બાજવા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે તથા બાજવા–વડોદરા વચ્ચે રદ રહેશે.

ટ્રેન નં. ૫૯૫૪૯ વડોદરા–વટવા પેસેન્જર તા. ૦૯ અને ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ પ્રતાપનગર સ્ટેશન પરથી સવારે ૦૫:૪૦ કલાકે પ્રસ્થાન કરશે તથા વડોદરા સ્ટેશન પર ૦૬:૨૫ થી ૦૬:૩૦ કલાક સુધી ૫ મિનિટનો સ્ટોપેજ આપવામાં આવશે.

મુસાફરોને વિનંતી છે કે તેઓ મુસાફરી પહેલાં ટ્રેનોના સમય, સ્ટોપેજ અને અન્ય નવીનતમ માહિતી માટે રેલવેની સત્તાવાર વેબસાઈટ www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લે.

### અંદાજે એકતાળીસ હજારથી વધુ વસ્તુઓનું સમારકામ

# "નમો સ્વચ્છતા અભિયાન" અંતર્ગત પાંચ લાખથી વધુ વસ્તુઓનો સ્થળ પર જ નિકાલ

"નમો સ્વચ્છતા અભિયાન" અંતર્ગત સાત દિવસમાં રાજ્યભરની ૧૨ હજારથી વધુ આરોગ્ય સંસ્થાઓમાં કુલ ૫,૭૨,૫૬૩ બિનઉપયોગી વસ્તુઓની ઓળખ કરવામાં આવી, અને ૫,૧૪,૪૫૬ થી વધુ વસ્તુઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો. જેના પરિણામે કુલ ૧,૮૦૬ જેટલા ઓરડાઓ ખાલી થયા. આ ઉપરાંત અંદાજે ૪૧,૬૮૧ જેટલી વસ્તુઓ જેવી કે લાકડા/લોખંડનું ફર્નિચર, એમ્બ્યુલન્સ, સરકારી વાહનો, ઈલેક્ટ્રોનિક્સ/આઈ.ટી. ઉપકરણો અને તબીબી ઉપકરણોનું સફળતાપૂર્વક રીપેરિંગ કામ પૂર્ણ કરવામાં આવ્યું..

અભિયાનના સાતમા દિવસે પણ સબ સેન્ટરથી લઈને મેડિકલ કોલેજ અને હોસ્પિટલો સુધીની તમામ સરકારી આરોગ્ય સંસ્થાઓ ખાતે વ્યાપક સ્તરે સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં રાજ્યભરની ૧૨ હજારથી વધુ આરોગ્ય સંસ્થાઓમાં ૨૨,૬૬૭ બિનઉપયોગી વસ્તુઓની ઓળખ કરવામાં આવી છે અને ૧૫,૫૩૦ વસ્તુઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો છે, જેના પરિણામે ૧૨૯ જેટલા ઓરડાઓ ખાલી થયા. જે આગામી સમયમાં દર્દીઓની સુવિધા માટે ઉપયોગમાં લેવાશે..

આ અભિયાન હેઠળ હોસ્પિટલ પરિસરમાંથી સ્ક્રેપ,ભંગાર,જંક અને બિનઉપયોગી મટીરીયલનો યોગ્ય નિકાલ, બિલ્ડીંગ તથા કેમ્પસની સઘન સાફ-સફાઈ, શુદ્ધ પીવાના પાણીની ઉપલબ્ધતા અને પાઈપલાઈનનું જરૂરી સમારકામ કરવામાં આવ્યું. આ ઉપરાંત દર્દીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ફાયર અને ઈલેક્ટ્રિકલ સેફ્ટી, ફર્નિચરનું સમારકામ, માઈનર સીવીલ વર્કસ તેમજ ઈન્ફેકશન પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ જેવી અત્યંત મહત્વપૂર્ણ કામગીરીઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે,મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં અને આરોગ્યમંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની ગરિમામય ઉપસ્થિતિમાં ગાંધીનગર સ્થિત GMERS, ઓડિટોરિયમ ખાતેથી "નમો સ્વચ્છતા અભિયાન"નો રાજ્યવ્યાપી પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ સફાઈ મહાઅભિયાન તા.૧થી ૭ જુલાઈ, ૨૦૨૬ સુધી સમગ્ર રાજ્યમાં સઘન રીતે વેગવંતુ રહ્યું છે. જે આગામી દિવસોમાં પણ સ્વચ્છતા ઝુંબેશના ભાગરૂપે કાર્યરત રહેશે.

# ગુજરાતમાં એક વરસમાં ૮૭ હજાર વિદ્યાર્થીઓ ઓછા થયા: બંધ થતી શાળાઓ અને ઘટતા શિક્ષકોનુ સંકટ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં હાલમાં શાળા પ્રવેશોત્સવનો માહોલ છે. મંત્રીઓથી લઈને ધારાસભ્યો અને સ્થાનિક નેતાઓ ગામે ગામ ફરીને દિકરીઓ અને બાળકોના શિક્ષણની વાતો કરી રહ્યા છે. સોશીયલ મીડીયા પર આ કાર્યક્રમોની રીલ્સ અને ફોટાઓનો મારો ચાલી રહ્યો છે. પરંતુ સરકારના પોતાના જ સામાજિક અને આર્થિક સમીક્ષાના અહેવાલો કંઈક અલગ જ વાસ્તવિકતા રજુ કરે છે. એક તરફ નેતાઓ શાળા પ્રવેશના તાયફા કરી રહ્યા છે. તો બીજી તરફ સત્તાવાર આંકડાઓ દર્શાવે છે કે ગુજરાતનુ શિક્ષણતંત્ર ગંભીર કટોકટીમાંથી પસાર થઈ રહ્યુ છે. વર્ષ ૨૦૨૫-૨૬ ના સરકારી આંકડા મુજબ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની સંખ્યા જે અગાઉ ૭૮.૪૭ લાખ હતી. તે ઘટીને ૭૭.૬૦ લાખ થઈ ગઈ છે, એટલે કે માત્ર એક જ વરસમાં ૮૭ હજાર જેટલા વિદ્યાર્થીઓ શાળામાંથી ગાયબ થઈ ગયા છે. આ ૨૦ ટકાનો ઘટાડો કોઈ સામાન્ય ઘટના નથી. પરંતુ તે શિક્ષણની કથળતી જતી સ્થિતિનો પુરાવો છે. વિદ્યાર્થીઓની ઘટતી સંખ્યાની સાથોસાથ રાજયમાં શાળાઓની સંખ્યામાં પણ ચિંતાજનક ઘટાડો નોંધાયો છે. એક જ વરસમાં ૩૨૦ જેટલી પ્રાથમિક શાળાઓ તાળાબંધીને આરે આવી ગઈ છે. જેના કારણે પ્રાથમિક શાળાની કુલ સંખ્યા ૪૪,૨૮૮ થી ઘટીને ૪૩,૯૬૮ પર આવી ગઈ છે.

આ આંકડાઓ સાબિત કરે છે કે શાળાઓનુ વિલીનીકરણ કે બંધ કરવાની પ્રક્રિયા શિક્ષણના પાયાને હચમચાવી રહી છે. એટલુ જ નહી પ્રાથમિક શિક્ષકોની સંખ્યામાં પણ ૪૨૦૦ થી વધુનો ઘટાડો થયો છે. જયારે સરકાર ડીઝીટલ ઈન્ડીયા અને વિકસિત ભારતની વાતો કરે છે. ત્યારે રાજયની શાળાઓમાં ઘટના ઓરડાઓ, અપુરતા શિક્ષકો અને સુવિધાઓનો અભાવ સરકારની નિષ્ફળતા પર સવાલ ઉભા કરે છે. પ્રવેશોત્સવના ફોટોગ્રાફસ માત્ર પ્રસિધ્ધિ મેળવવાનુ સાધન બની રહ્યા હોય તેવુ લાગે છે.

ગુજરાતમાં મહિલા સશકિતકરણના દાવાઓ વચ્ચે નેશનલ ફેમિલી હેલ્થ સર્વેના આંકડાઓ ચોંકાવનારા છે. આ સર્વે મુજબ ૬ વરસ કે તેથી વધુ ઉંમરની લગભગ ૨૫ ટકા મહિલાઓ કયારેય શાળાએ જ ગઈ નથી, વધુમાં ૩૮.૬ ટકા મહિલાઓ એવી છે કે જેઓ ૧૦ ધોરણ સુધીનો અભ્યાસ પણ પૂર્ણ કરી શકી નથી, ડીઝીટલ યુગમાં જયારે બધુ ઓનલાઈન થઈ રહ્યુ છે, ત્યારે ગ્રામ્ય વિસ્તારની ૪૫ ટકા થી વધુ મહિલાઓ ડીઝીટલ રીતે સંપુર્ણ અભણ છે. તેમને મોબાઈલ કે ઈન્ટરનેટનો ઉપયોગ કરતા આવડતુ નથી. જે તેમને રોજગારી અને સરકારી યોજનાઓથી દુર રાખે છે.


## પશ્ચિમ રેલ્વે

**સપ્લાય, ઇન્સ્ટોલેશન અને કમિશનિંગ કાર્ય**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (રોલિંગ સ્ટોક), પશ્ચિમ રેલ્વે, મુંબઇ સેન્ટ્રલ દ્વારા ટેન્ડર નં.: DRM/RS/2020-21/04(R) તા. 03.07.2026 આમંત્રિત કરવામાં આવે છે. કાર્યનું નામ: ICF સ્પેક મુજબ EMU કેબ્સમાં 415 VAC, 3-ફેઝ ટાવર એસી સિસ્ટમનો સપ્લાય, ઇન્સ્ટોલેશન અને કમિશનિંગ. નં. ICF/Elec/110 રેવ. CSO1 અને CSO2 સાથે. કાર્યની અંદાજિત કિંમત: ₹7,77,32,500/-. EMD: ₹ 15,54,700/-. ટેન્ડર સબમિટ કરવાની તારીખ અને સમય: તા.31.07.2026 ના 15:00 કલાક સુધી. ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: તા.31.07.2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો.

0339

અમને લાઈક કરો: facebook.com/WesternRly



## પશ્ચિમ રેલ્વે

મટીરીયલ મેનેજમેન્ટ વિભાગ

વિવિધ સામગ્રી પુરવઠો

**ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર સૂચના નંબર S/35/2026 તારીખ 03.07.2026**

| ક્ર.નં. | ટેન્ડર નંબર | વસ્તુઓનું ટૂંકું વર્ણન | જથ્થો | T. O. D. |
|---|---|---|---|---|
| 288 | 22262053A | સુધારેલ ટ્રાન્ઝિશન સ્ક્રુ કપલિંગ | 425 નંગ | 05-Aug-26 |
| 289 | 23262350A | અપગ્રેડેડ હાઇ કેપેસિટી ડ્રાફ્ટ ગિયર | 2945 નંગ | 04-Aug-26 |
| 290 | 30265001 | IGBT ફેઝ મોડ્યુલ S3P-3000FL + સિમેન્સ ઇન્ડિયા પાર્ટ નં. 10636455 મુજબ ડક | 2 નંગ | 03-Aug-26 |
| 291 | 22262342 | માઇક્રોપ્રોસેસર આધારિત એનર્જી કમ સ્પીડ મોનિટરિંગ સિસ્ટમ (ESMON) | 30 સેટ | 03-Aug-26 |
| 292 | 29255030 | હાઇ એન્ડ/એડવાન્સ્ડ ICU ક્રિટિકલ કેર વેન્ટિલેટર | 4 નંગ | 31-Jul-26 |
| 293 | 23261944 | LHB NAC માટે સેકન્ડરી સ્પ્રિંગ ઇનર | 300 નંગ | 30-Jul-26 |

વિગતવાર સૂચના EMD, ખરીદી પ્રતિબંધો અંગે અને વિગતવાર ટેન્ડર શરતો માટે, કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો.

0337

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને પર ફોલો કરો: twitter.com/WesternRly


### સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની સ્થિતિ વચ્ચે રાજ્ય સરકાર એલર્ટ

# પ્રભારી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ અમરેલી, રાજકોટ અને ભાવનગર જિલ્લાના વહીવટી તંત્ર સાથે ઉચ્ચ સ્તરીય વર્ચ્યુઅલ સમીક્ષા બેઠક યોજી



સૌરાષ્ટ્ર પંથકમાં વરસેલા અનરાધાર વરસાદ અને પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખીને રાજ્ય સરકાર સંપૂર્ણપણે એલર્ટ મોડ પર છે. અમરેલી અને રાજકોટ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ આજે સવારે ગાંધીનગર ખાતેથી અમરેલી, રાજકોટ અને ભાવનગર જિલ્લાના વહીવટી તંત્ર સાથે વર્ચ્યુઅલ સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં મંત્રી શ્રી વાઘાણીએ ત્રણેય જિલ્લામાં પ્રવર્તમાન પરિસ્થિતિ, વહીવટી તંત્રની તૈયારીઓ, નીચાણવાળા વિસ્તારોની સ્થિતિ, આપત્તિ વ્યવસ્થાપન પ્લાન અને નાગરિકોની સુરક્ષા માટે લેવાયેલા પગલાંની વિગતવાર સમીક્ષા કરી તંત્રને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ બેઠકમાં મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા, ભાવનગરના પ્રભારી મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયા, સ્થાનિક સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ સહિતના પદાધિકારીઓ જોડાયા હતા. આ ઉપરાંત ત્રણેય જિલ્લાના કલેકટરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, મહાનગર પાલિકાના કમિશનરશ્રીઓ અને જિલ્લાના ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારીશ્રીઓ પોતાના એક્શન પ્લાન સાથે ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠક દરમિયાન મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ ત્રણેય જિલ્લાના કલેક્ટરો પાસેથી નીચાણવાળા વિસ્તારો, નદી-નાળાની પ્રવર્તમાન સ્થિતિ અને જળાશયોમાં પાણીની આવક અંગેનો લાઈવ રિપોર્ટ મેળવ્યો હતો. ખાસ કરીને ડેમોની સલામતી અને ઓવરફ્લો સ્થિતિ પર સતત નજર રાખવા તેમણે વહીવટી તંત્રને સૂચના આપી હતી. ભારે વરસાદને કારણે વીજ પુરવઠો કે પાણી પુરવઠો ખોરવાવો કે રસ્તાઓ બ્લોક થવા જેવી તાત્કાલિક સમસ્યાઓના ત્વરિત નિકાલ માટે PGVCL, પાણી પુરવઠા અને સિંચાઈ વિભાગ તથા માર્ગ-મકાન વિભાગને સ્ટેન્ડબાય રહેવા મંત્રીશ્રીએ આદેશ આપ્યા છે. આ ઉપરાંત મંત્રીશ્રીએ તાકીદ કરી હતી કે, ફરી એકવાર ભયજનક મકાનો અને હોર્ડિંગ્સની ચકાસણી કરીને હજુ પણ ક્યાંય આવા જોખમી એકમો રહી ગયા હોય તો તેને તાત્કાલિક ધોરણે દૂર કરવા પણ સૂચના અપાઈ હતી.

સંભવિત રોગચાળો અટકાવવા માટે ક્લોરિન ટેબ્લેટ્સ અને ORSનો પૂરતો જથ્થો રાખવા તેમજ તાલુકા કક્ષાએ રેપિડ રિસ્પોન્સ ટીમ કાર્યરત કરવા આરોગ્ય વિભાગને તાકીદ કરાઈ છે. સગર્ભા માતાઓ અને બાળકોના આરોગ્યની વિશેષ કાળજી લેવા તેમજ જરૂર પડે લોકોને સુરક્ષિત આશ્રયસ્થાનોમાં ખસેડવા અને ત્યાં ભોજન-પાણીની યોગ્ય વ્યવસ્થા રાખવા કલેક્ટરશ્રીઓને આદેશ આપવામાં આવ્યા છે.

મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર નાગરિકોની સુરક્ષા માટે કટિબદ્ધ છે. વહીવટી તંત્રના તમામ વિભાગો પરસ્પર સંકલન જાળવીને કામ કરી રહ્યા છે. ઝીરો કેઝ્યુઅલ્ટીના અભિગમ સાથે તંત્ર કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે સંપૂર્ણપણે સજ્જ છે અને જનતાને પણ વહીવટી તંત્રની સૂચનાઓનું પાલન કરવા તેમણે અનુરોધ કર્યો છે.

અમરેલી:

અમરેલી જિલ્લામાં ચાલુ વર્ષે સરેરાશ ૧૨ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે, જે કુલ સરેરાશ વરસાદના ૪૨ ટકાથી પણ વધુ છે. જેમાં, છેલ્લા ૨૪ કલાક દરમિયાન જ જિલ્લામાં ૨ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

આકસ્મિક પરિસ્થિતિમાં રાહત-બચાવની કામગીરી માટે અમરેલીમાં હાલમાં ૨ NDRFની ટીમો તૈનાત છે.

અમરેલી જિલ્લામાં ચાલુ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૭૬ નાગરિકને રેસ્ક્યુ અને ૬૪૧ નાગરિકોનું સ્થળાંતર કરીને સુરક્ષિત સ્થળે ખસેડાયા છે.

અમરેલીમાં ભારે વરસાદના કારણે રાજ્ય હસ્તકના કુલ ૨૫ જેટલા રસ્તાઓ બંધ થયા હતા, જેમાંથી ૧૯ રસ્તાઓને હાલ પૂર્વવત કરવામાં આવ્યા છે.

અમરેલીનો ધાતરવડી (૧૦૦% ભરાયેલો), સુરજવાડી (૧૦૦% ભરાયેલો), ખોડીયાર (૯૬% ભરાયેલો) અને રાયડી (૯૫% ભરાયેલો) ડેમમાં પાણીની આવક થતા હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. જ્યારે, ધાતરવાડી-૨ (૮૯% ભરાયેલો) એલર્ટ પર અને શેલ-દેદુમલ (૭૮% ભરાયેલો) ડેમને વોર્નિંગ લેવલ પર રાખવામાં આવ્યા છે.

ભાવનગર:

ભાવનગર જિલ્લામાં ચાલુ વર્ષે સરેરાશ ૮ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે, જે કુલ સરેરાશ વરસાદના ૩૦ ટકાથી પણ વધુ છે. જેમાં, છેલ્લા ૨૪ કલાક દરમિયાન જ જિલ્લામાં ૩ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

આકસ્મિક પરિસ્થિતિમાં રાહત-બચાવની કામગીરી માટે ભાવનગરમાં હાલમાં ૧ NDRFની ટીમ તૈનાત છે.

ભારે તથા અતિભારે વરસાદ દરમિયાન રેસ્ક્યુ અથવા સ્થળાંતર કરાયેલા નાગરિકોને રહેવા માટે જિલ્લામાં કુલ ૯૮૨ આશ્રય સ્થળો નિયત કરવામાં આવ્યા છે.

જિલ્લામાં કુલ ૮૫૯ આપદા મિત્રોને બચાવ-રાહતની તાલીમ આપવામાં આવી છે.

મહુવા તાલુકાના ઓથા ગામે માલણ નદીમાં પાણીના વધુ પ્રવાહમાં અમદાવાદના ૮ નાગરિકો કાર સાથે તણાયા હતા, જે તમામ વ્યક્તિને રેસ્ક્યુ કરી સુરક્ષિત કરાયા છે.

જિલ્લામાં રાજ્ય હસ્તકના તમામ ૭૪ રસ્તાઓ ચાલુ છે. જ્યારે, પંચાયત હસ્તકના ૯૧૮ રસ્તાઓ પૈકી ૭ રસ્તાઓ બંધ છે. જેમાંથી, ૬ રસ્તાઓને ડાયવર્ઝન અને એક રસ્તાને વૈકલ્પિક રસ્તો ચાલુ કરવામાં આવ્યો છે.

ભાવનગરનો માલણ (૧૦૦% ભરાયેલો), શેત્રુંજી (૧૦૦% ભરાયેલો), રોજકી (૯૮% ભરાયેલો) અને રંઘોળા (૯૬% ભરાયેલો) ડેમમાં પાણીની આવક થતા હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે.

રાજકોટ:

રાજકોટ જિલ્લામાં ચાલુ વર્ષે સરેરાશ ૫ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે, જે કુલ સરેરાશ વરસાદના ૧૮ ટકાથી વધુ છે. જેમાં, છેલ્લા ૨૪ કલાક દરમિયાન જિલ્લામાં એક ઈંચથી ઓછો વરસાદ નોંધાયો છે.

આકસ્મિક પરિસ્થિતિમાં રાહત-બચાવની કામગીરી માટે રાજકોટમાં હાલમાં ૧ NDRF અને ૧ SDRFની ટીમ તૈનાત છે.

રાજકોટના વેણુ-૨ (૭૬% ભરાયેલો) તથા આજી-૨ (૭૩% ભરાયેલો) ડેમમાં પાણીની આવક થતા વોર્નિંગ પર રાખવામાં આવ્યા છે.

કોઈપણ આકસ્મિક પરિસ્થિતિમાં સુદ્રઢ સંકલન માટે દરેક તાલુકામાં એક ડેપ્યુટી કલેક્ટર કક્ષાના લાયઝન અધિકારીની નિમણૂંક કરવામાં આવી છે.

આરોગ્ય વિભાગ દ્વારા રાજકોટ જિલ્લાના દરેક તાલુકામાં રેપિડ રિસ્પોન્સ ટીમની રચના કરવામાં આવી છે. - નિતિન રથવી

# ખરીફ મકાઈના પાકમાં રોગ-જીવાતના સંકલિત વ્યવસ્થાપન માટે ખેડૂતોએ આટલું જરૂર કરવું

ખરીફ ઋતુમાં મકાઈના પાકને રોગ અને જીવાતોથી બચાવી વધુ ઉત્પાદન મેળવવા માટે ખેતી નિયામકની કચેરી દ્વારા ખેડૂતો માટે વાવણી પહેલાં અને વાવણી સમયે લેવાના મહત્વના પગલાં અને સાવચેતી અંગેની એક માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

★૧. ખેતી પદ્ધતિ અને જમીનની તૈયારી

★ એક જ જમીન પર વારંવાર મકાઈ ન વાવતા પાકની ફેરબદલી કરવી.

★ પિયત અને રાસાયણિક ખાતરનો વપરાશ કૃષિ યુનિવર્સિટીઓની ભલામણ મુજબ જ કરવો.

★ વાવેતર પહેલાં જમીનમાં લીંબોળીનો ખોળ ૧ ટન પ્રતિ હેક્ટર મુજબ નાખવો.

★ મકાઈમાં ગાભમારાની ઈયળના નિયંત્રણ માટે મગ, અડદ, તુવેર અથવા ચોળા જેવા કઠોળ વર્ગના પાકો આંતરપાક તરીકે વાવવા.

★૨. રોગ અને જીવાત પ્રતિકારક જાતોની પસંદગી

★ પૂંછડે ચાર ટપકાંવાળી લશ્કરી ઈયળના નિયંત્રણ માટે ઓછી સંવેદનશીલ જાતો જેવી કે, ગુજરાત આણંદ પીળી મકાઇ હાઇબ્રીડ-૧ (GAYMH-1) અને ગુજરાત આણંદ પીળી મકાઇ હાઇબ્રીડ-૩ (GAYMH-3)નું વાવેતર કરવું.

★ પાનનો સુકારો અને તડછારો રોગ સામે પ્રતિકારક જાતો જેવી કે ગુ.આ.પી. સં.મ.-૧, ૨ અને ૩, ગંગા સફેદ-૨, ગંગા સફેદ-૧૧, ગુજરાત મકાઈ-૨, ૪, ૬, નર્મદા મોતી, ગંગા-૫, ડેક્કન-૧૦, શ્વેતા, નવીન અને જવાહર જેવી જાતોની વાવણી કરવાનો આગ્રહ રાખવો.

★૩. વાવણી સમયની ખાસ કાળજી અને બીજ માવજત

★ ગાભમારા કે સાંઠાની ઈયળના વ્યવસ્થાપન માટે બિયારણનો દર થોડો વધારે રાખવો. જેથી શરૂઆતમાં ઉપદ્રવવાળા છોડને ઉપાડી, ઈયળ સહિત નાશ કરી શકાય અને ખેતરમાં છોડની સંખ્યા જળવાઈ રહે.

★ મકાઈમાં બીજનો કોહવારો, પાનનો સૂકારો અને ઉગતા છોડનો સૂકારો અટકાવવા માટે બીજને ટ્રાયકોડર્મા ૬ ગ્રામ પ્રતિ ૧ કિલોગ્રામ બીજ દીઠ માવજત આપવી અથવા જરૂરિયાત મુજબ થાયરમ કે કાર્બેન્ડેઝિમ ૨-૩ ગ્રામ પ્રતિ ૧ કિલોગ્રામ બીજ દીઠ પટ આપીને વાવણી કરવી.

★ ટપકાંવાળી લશ્કરી ઈયળ સામે શરૂઆતથી રક્ષણ મેળવવા માટે બીજને કીટનાશકના તૈયાર મિશ્રણ સાયન્ટ્રાનીલીપ્રોલ ૧૯.૮% + થાયામેથોકઝામ ૧૯.૮% એફએસ, ૬ મિ.લિ. પ્રતિ કિલોગ્રામ બિયારણ દીઠ સપ્રમાણ પાણીમાં ભેળવી માવજત આપવી અને બીજને છાંયડે સૂકવ્યા બાદ જ વાવેતર કરવું.

★૪. પાછોતરા સૂકારાનું વ્યવસ્થાપન

★ મકાઈમાં પાછોતરો સૂકારો રોગ અટકાવવા માટે સારા નિતારવાળી જમીનની પસંદગી કરવી.

★ જમીનનું તાપમાન નીચું રાખી શકાય તે માટે ટૂંકા ગાળે હળવું પિયત આપવું, જેથી આ રોગનો ફેલાવો ઘટે છે.

ખેડૂતોએ ખાસ કાળજી લેવી કે, રાસાયણિક દવાઓના વપરાશ વખતે દવાના પેકિંગ ઉપર આપવામાં આવેલા લેબલ મુજબ જ જે તે પાક, રોગ કે જીવાત માટે ભલામણ કરેલ નિયત ડોઝ મુજબ જ દવાનો ઉપયોગ કરવો.

# સુરતમાં કરુણ દુર્ઘટના: રમતા રમતા બે માસૂમ બાળકો પડી જતાં દુર્ઘટના સર્જાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના સચિન GIDC વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. વરસાદી પાણીથી ભરાયેલા ઊંડા ખાડામાં રમતા રમતા બે માસૂમ બાળકો પડી જતાં દુર્ઘટના સર્જાઈ છે. ઘટનામાં શ્રેયા અને ક્રિષ્ણા નામના બે બાળકો ડૂબી ગયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. બંને બાળકોની શોધ માટે સુરત ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમ દ્વારા રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.સચિન GIDC વિસ્તારમાં આવેલી મહાવીર સોસાયટી નજીક આ ઘટના બની હતી. પ્રાથમિક માહિતી મુજબ, બંને બાળકો રમવા માટે ઘરની બહાર નીકળ્યા હતા. દરમિયાન તેઓ વરસાદી પાણીથી ભરાયેલા ખાડા પાસે પહોંચ્યા હતા અને રમતા રમતા તેમાં પડી ગયા હતા. ખાડામાં પાણીનું પ્રમાણ વધારે અને ઊંડાઈ વધુ હોવાના કારણે બાળકો બહાર આવી શક્યા નહોતા.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ ખાડો અગાઉ છઠ પૂજાના આયોજન માટે ખોદવામાં આવ્યો હતો. ભારે વરસાદના કારણે તેમાં મોટી માત્રામાં પાણી ભરાઈ ગયું હતું, જેના કારણે તે જોખમી બની ગયો હતો. આસપાસના લોકોને ઘટનાની જાણ થતાં જ તેઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી.

ઘટનાની માહિતી મળતા જ સુરત ફાયર બ્રિગેડની ટીમ અને સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર વિભાગના જવાનો દ્વારા પાણી ભરેલા ખાડામાં બંને બાળકોને શોધવા માટે સઘન શોધખોળ શરૂ કરવામાં આવી છે. રેસ્ક્યુ ટીમ દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.આ દુર્ઘટનાને પગલે વિસ્તારમાં શોકનું વાતાવરણ ફેલાઈ ગયું છે. બાળકોના પરિવારજનો પર દુ:ખનો પહાડ તૂટી પડ્યો છે. પરિવારના સભ્યો આક્રંદ કરી રહ્યા છે અને સમગ્ર વિસ્તારમાં કરુણ દૃશ્યો જોવા મળી રહ્યા છે.


## પશ્ચિમ રેલ્વે

વિવિધ કામો

વિભાગીય રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, મુંબઈ સેન્ટ્રલ વિવિધ કામો માટે ટેન્ડર આમંત્રિત કરે છે

| ક્ર.નં. | ટેન્ડર સૂચના નં. અને તારીખ | કામ અને સ્થાન | કામનો અંદાજિત ખર્ચ | EMD |
|---|---|---|---|---|
| 1. | BCT/26-27/84 dt. 02.07.2026 | લોઅર પરેલ - લોઅર પરેલ ખાતે વિવિધ ઓફિસ ઇમારતો અને સંલગ્ન કામોના છતના લિકેજનું સમારકામ. (2) સેવા ઇમારતો અને ઓગસ્ટ ક્રાંતિ કોલોનીનું સમયાંતરે રંગકામ અને નાના સમારકામ. | Rs.2,25,15,614.66/- | Rs.4,50,300/- |
| 2. | BCT/26-27/85 dt. 02.07.2026 | લોઅર પરેલ (વર્કશોપ) - (1) હાલની સીમાનું સમારકામ તા. 02.07.2026 વર્કશોપની કમ્પાઉન્ડ વોલને સુરક્ષિત રાખવા માટે નવી RCC બાઉન્ડ્રી આપીને દિવાલ બનાવવી. (2) લોઅર પરેલ વર્કશોપમાં RCC રોડની જોગવાઈ કરીને રોડ અને પાથવેમાં સુધારો. | Rs.6,89,83,565.30/- | Rs.13,79,700/- |
| 3. | BCT/26-27/86 dt. 02.07.2026 | મહાલક્ષ્મી (EMU) વર્કશોપ - (1) સામગ્રીના સ્ટેકીંગ અને સંગ્રહ માટે સ્ટોરનું બાંધકામ. (2) ફરીથી ગોઠવણી સાથે પાણી પુરવઠા નેટવર્કમાં સુધારો (સંયુક્ત ટેન્ડર). | Rs.7,58,19,328.43/- | Rs.15,16,400/- |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે, સબમિટ કરવાની તારીખ અને સમય: 28.07.2026 ના 15:00 કલાક સુધી . ખુલવાની તારીખ અને સમય: 28.07.2026 ના રોજ 15:30 કલાકે. નોંધ: વધુ વિગતો માટે, કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો.

0335

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખી નાગરિકોને સાવચેતી રાખવા અપીલ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત જિલ્લામાં આગામી કલાકોમાં ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને જરૂરી સાવચેતી રાખવા અનુરોધ કરવામાં આવેલ છે.નીચાણવાળા વિસ્તારોમાં રહેતા નાગરિકોએ બિનજરૂરી બહાર નીકળવાનું ટાળવું, પાણી ભરાયેલા માર્ગો પર વાહન ચલાવવાનું ટાળવું તથા વીજળીના થાંભલા અને ખુલ્લા વાયરથી સુરક્ષિત અંતર જાળવવામા કહેવામાં આવેલ છે. ભારે વરસાદ દરમિયાન નદી, તળાવ અને કાંઠાના વિસ્તારોમાં જવાનું ટાળવું.

જિલ્લા તંત્ર દ્વારા તમામ સંબંધિત વિભાગોને એલર્ટ રાખવામાં આવ્યા છે અને પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. કોઈપણ આપત્તિજનક પરિસ્થિતિમાં નાગરિકોએ સ્થાનિક પ્રશાસન, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ અથવા જિલ્લા કંટ્રોલ રૂમનો સંપર્ક કરવો. નાગરિકોને અફવાઓ પર વિશ્વાસ ન રાખવા તથા માત્ર અધિકૃત સરકારી માધ્યમો દ્વારા આપવામાં આવતી માહિતી નું જ અનુસરણ કરવા અપીલ કરવામાં આવી છે.

# કેન્દ્રીય મંત્રી ભુપેન્દ્ર યાદવની ઓફીસમાં મંત્રીના નામે ગોરખધંધા કરતા પીએસ, એપીએસ સહિત ૩ અધિકારીઓને દુર કરાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી ભુપેન્દ્ર યાદવની ઓફીસમાં છેલ્લા કેટલાક સમયથી સરકાર દ્વારા મુકવામાં આવેલા પીએસ અને એપીએસ સહિત ૩ અધિકારીઓ મંત્રીના નામે ગોરખધંધા કરતા હોવાની મંત્રીને માહિતી મળતા ગઈ કાલે ૩ અધિકારીઓને મંત્રી દ્વારા જે તે વિભાગમાં મોકલી દેવામાં આવ્યા છે. સાથે સાથે પીએમઓ અને કેબિનેટ સચિવાલય સુધી ફરીયાદ કરવામાં આવી છે.




કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી ભુપેન્દ્ર યાદવની ઓફીસમાં થયેલા અચાનક અને મોટા વહિવટી ફેરફારે રાજકીય અને વહિવટી ગલીયારોમાં ચર્ચાઓનું બજાર ગરમ કરી દીધુ છે. મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા તાજેતરના આદેશ મુજબ મંત્રીની ઓફીસના ૩ મહત્વના અધિકારીઓને તેમના પદો પરથી તાત્કાલીક અસરથી મુકત કરી દેવામાં આવ્યા છે. પર્યાવરણ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર આદેશ મુજબ મંત્રી ભુપેન્દ્ર યાદવના અંગત સચિવ (પીએસ) અમરસિંહ સહિત ૩ અધિકારીઓને તેમની વર્તમાન જવાબદારીઓમાંથી હટાવી દેવામાં આવ્યા છે.

૩ જુલાઈ ૨૦૨૬ ના રોજ બહાર પાડવામાં આવેલા આ આદેશમાં સ્પષ્ટ કહેવામાં આવ્યુ છે કે આ નિર્ણય પર્સનલ એન્ડ ટ્રેનીંગ ડીપાર્ટમેન્ટના ૨ જુલાઈના આદેશો અને સક્ષમ સત્તાધિકારીની મંજુરી બાદ લેવામાં આવ્યો છે.

જેમાં મંત્રીના અંગત સચિવ તરીકે તૈનાત હતા અમરસિંહ તેઓને આદેશ અનુસાર તેમને તાત્કાલીક અસરથી તેમના મુળ કેડર એટલે કે મહેસુલ વિભાગમાં પાછા મોકલી દેવામાં આવ્યા છે. તેમને તરતજ તેમના કેડરમાં રીપોર્ટ કરવા સુચના આપવામાં આવી છે. તો બીજી તરફ શૈલેષકુમારસિંહ તેઓ એડીશનલ પ્રાઈવેટ સેક્રેટરી (એપીએસ) તરીકે ફરજ બજાવતા હતા. તેમને પણ સમય પહેલા તેમના મુળ કેડરમાં પાછા મોકલી દેવામાં આવ્યા છે અને તાત્કાલીક અસરથી ડીઓપીટીમાં રીપોર્ટ કરવા જણાવાયુ છે. તો અન્ય એક આયુષ શરણ તેઓ પણ એડીશનલ પ્રાઈવેટ સેક્રેટરી (એપીએસ) તરીકે સેવા આપી રહ્યા હતા. તેમને પણ સક્ષમ અધિકારીની મંજુરી બાદ તાત્કાલીક અસરથી પદ પરથી મુકત કરવામાં આવ્યા છે.

# રાજકોટ માં પણ સુરત જેવુ ભુતિયુ ડીમોલેશનઃ દુકાનદારો અને શોરૂમ ધારકોમાં હોબાળો

પ્રતિનિધિ,ગાંધીનગર

ધી જી પી એમ સી એકટ અને ટી પી એકટ અંતર્ગત કોઈપણ પ્રકારની પૂર્વ જાણ કે જાહેરાત કર્યા વિના, સુચના કે તાકીદ કર્યા વિના તેમજ નોટીસ આપ્યા વિના આજે મંગળવારે રાજકોટમાં ડો. યાજ્ઞિક રોડ ઉપર રાજકોટ મહાનગરપાલિકાની ટી પી બ્રાન્ચ દ્વારા સુરત જેવુ ભુતિયુ મીની ડીમોલેશન કરીને સાતેક કોમ્પલેક્ષની રેલીંગ હટાવવાનો રોડ શો યોજવામાં આવતા દુકાનદારો અને શો રૂમ ધારકોમાં હોબાળો ઉઠયો હતો. ખાસ કરીને યાજ્ઞિક રોડ ઉપરથી પાથરણાં વાળા તેમજ લારી ગલ્લા ધારકોના દબાણો



હટાવવામાં નિષ્ફળ મહાનગરપાલિકા તંત્ર દ્વારા દુકાનદારોએ પાથરણાં વાળા ફેરીયાઓ ન બેસે તે માટે બનાવેલી રેલીંગ દુર કરતા તંત્ર ઉપર ફીટકાર વરસ્યો હતો. વિશેષમાં કોર્પોરેશનના સુત્રોમાંથી મળેલી માહિતી મુજબ ડો.યાજ્ઞિક રોડ ઉપરના વિવિધ કોમર્શીયલ બિલ્ડીંગમાં માર્જીન પાર્કિંગ સ્પેસ માં કરવામાં આવેલ કાયમી દબાણ દુર કરાવી પાર્કિંગ જીરો લેવલ કરાવવા માટે ટી પી બ્રાન્ચ દ્વારા કામગીરી હાથ ધરાઈ હતી, જે અંતર્ગત બિઝનેસ ટર્મીનલ, ઓર્બિટ એન્કલેવ, માધવ કોમ્પલેક્ષ , શકિત આર્કેડ, નાથ લીગસી, નાથ કોમ્પલેક્ષ સહિતના ૭ કોમ્પલેક્ષ બહાર પાર્કિંગની જગ્યામાંથી રેલીંગ, બોર્ડ વગેરે દુર કરવામાં આવ્યા હતા. ઉપરોકત કામગીરીમાં સેન્ટ્રલ ઝોનની ટાઉન પ્લાનીંગ શાખાનો સ્ટાફ, દબાણ હટાવ શાખા, બાંધકામ શાખા, રોશની શાખા, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા તથા ફાયર ડીપાર્ટમેન્ટનો તમામ સ્ટાફ સ્થળ પર હાજર રહેલ તથા આ કામગીરી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સુરક્ષા વિભાગના અધિકારી તથા તેમનો તમામ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# મહેસાણાની સરકારી કચેરીમાં ટી-શર્ટ પહેરી આવવા પર પ્રતિબંધ: સરકારી મીટીંગમાં ટી-શર્ટ પહેરીને આવતા ડે.કમિશ્નરને નોટીસ

પ્રતિનિધિ,ગાંધીનગર

મહેસાણા જિલ્લા વહિવટી તંત્રમાં શિસ્ત અને પ્રોટોકોલના ભંગને લઈને એક મોટો વહિવટી નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારી અધિકારીઓ માટે નિયત કરાયેલા ડ્રેસ કોડ અને ગરીમાનુ પાલન ન કરવા બદલ મહેસાણાના અધિક કલેકટર મયંક પટેલે કડક વલણ અપનાવ્યુ છે. તેમણે શિસ્તભંગના આ મામલાને ગંભીરતાથી લઈને એક ઉચ્ચ અધિકારી સામે સીધા પગલા ભર્યા છે. અધિક કલેકટર મયંક પટેલ દ્વારા મહેસાણાના ડે. કમિશ્નર દર્શનસિંહ ચાવડાને સત્તાવાર રીતે કારણદર્શક નોટીસ ફટકારવામાં આવી છે. આ નોટીસ મળતા જ સરકારી વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. ઉચ્ચ હોદા પર હોવા છતાં નિયમોનુ ઉલ્લંઘન કરવા બદલ વહિવટી તંત્ર દ્વારા આ આકરી કાર્યવાહી કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં યોજાતી મહત્વની વહિવટી બેઠકોમાં ડે.કમિશ્નર દર્શનસિંહ ચાવડા પ્રોફેશનલ કપડાંને બદલે કેઝયુઅલ ટી-શર્ટ પહેરીને હાજર રહેતા હતા. એક ઉચ્ચ અધિકારી તરીકે સત્તાવાર મીટીંગોમાં આ પ્રકારનો પહેરવેશ શિસ્તની વિરૂધ્ધ હોવાનુ વરીષ્ઠ અધિકારીઓના ધ્યાને આવ્યુ હતું. તેઓ વારંવાર આવી બેઠકોમાં ટી-શર્ટ પહેરીને જ આવતા હોવાથી આખરે તંત્રએ શિસ્ત જાળવવા માટે તેમને સત્તાવાર નોટીસ પાઠવી ખુલાસો માંગ્યો છે.

### ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણીને ધ્યાનમાં રાખી સંગઠન મજબુત કરવાની કવાયત

# ગુજરાતમાં ગમે ત્યારે વિધાનસભાની ચુંટણીઓ આવે આમ આદમી પાર્ટી અડીખમ તૈયાર છેઃ આપે ૯૯ વિધાનસભા પ્રભારીઓની કરી નિયુકિત

પ્રતિનિધિ,ગાંધીનગર

આમ આદમી પાર્ટીએ ગુજરાતમાં આગામી સમયમાં ગમે ત્યારે વિધાનસભાની ચુંટણીઓ આવે ત્યારે લડવા માટે અડીખમ તૈયારી બતાવી છે. ગુજરાતમાં આગામી ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણીને ધ્યાનમાં રાખીને સંગઠનને વધુ સશકત બનાવવા માટે રાજયની ૯૯ વિધાનસભા બેઠકો માટે પ્રભારીઓની નિયુકિત કરી દેવામાં આવી છે. આ નિર્ણય પાર્ટીના પ્રદેશ પ્રભારી ગોપાલ રાય, પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાના માર્ગદર્શન હેઠળ લેવામાં આવ્યો હોવાનુ જણાવાયુ છે. પાર્ટી દ્વારા જાહેર



કરાયેલી યાદીમાં ઈસુદાન ગઢવી, ગોપાલ ઈટાલીયા, ચૈતર વસાવા અને હેમંત ખવા સહિતના અનેક આગેવાનોને અલગ અલગ વિધાનસભા વિસ્તારોની જવાબદારીઓ સોંપવામાં આવી છે. આ ઉપરાંત અન્ય સંગઠનના હોદ્દેદારો અને કાર્યકરો ને પણ પ્રભારી તરીકે નિયુકત કરી દેવામાં આવ્યા છે. આમ આદમી પાર્ટીના ટોચના નેતાના કહેવા પ્રમાણે આ નિયુકિતોઓનો હેતુ વિધાનસભા સ્તરે સંગઠનને વધુ સક્રિય બનાવવાનો, બુથ સ્તર સુધી પક્ષની પહોચ વધારવાની અને આગામી વિધાનસભા ચુંટણી માટે કાર્યકરોને સંગઠીત કરવાનો છે. પાર્ટી હવે રાજયભરમાં વિવિધ કાર્યક્રમો, જનસંપર્ક અભિયાન અને સંગઠન વિસ્તરણની પ્રવૃત્તિઓને વધુ ગતિ આપશે. આ નવી જવાબદારીઓ સાથે પ્રભારીઓ પોતાના વિસ્તારોમાં સંગઠનને મજબુત બનાવવા અને ચુંટણીની તૈયારીઓને વધુ અસરકારક બનાવવામાં મહત્વની ભુમિકા ભજવશે તેવી પાર્ટીએ આશા વ્યકત કરી છે. પણ આ સમગ્ર નિયુકિતમાં ચૈતર વસાવાનુ નામ પણ નકકી કરવામાં આવ્યુ છે. તો સૌથી મોટો પ્રશ્ન એ છે કે ચૈતર વસાવા હાલ તો જેલમાં બંધ છે, અને તેમને ૭ વરસની જેલની સજા કરવામાં આવી છે, અને તેઓ કયારે આ કેસમાંથી બહાર આવશે તે હજુ કોઈ એંધાણ જોવા મળતા નથી. તો હવે આ નિયુકિત તો કરી છે પણ તેમની જવાબદારી તેઓ કેવી રીતે નિભાવશે તે સૌથી મોટો સવાલ ઉઠી રહ્યો છે.

# ગુજરાતમાં ફેલાયો મોતનો વાયરસઃ ગોધરામાં ૨ માસુમ બાળકોના મોતઃ આરોગ્યતંત્રમાં દોડધામ

### સારવાર દરમિયાન વડોદરા ખાતે દમ તોડયોઃ આરોગ્ય વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી શરૂઃ માતા પિતા માટે ખાસ ચેતવણી

પ્રતિનિધિ,ગાંધીનગર

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં ચોમાસાની સીઝનની શરૂઆત થતા જ ઘાતક ચાંદીપુરા વાયરસ એ ફરી એકવાર માથુ ઉચકયું છે. ગોધરાના બે અલગ અલગ ગામડાઓમાં આ વાયરસના શંકાસ્પદ લક્ષણોના કારણે બે માસુમ બાળકોના મોત નિપજતા સમગ્ર પંથકમાં ફફડાટ વ્યાપી ઉઠયો છે. બાળકોના મોત ની આ ઘટનાને પગલે સ્થાનિક આરોગ્ય વિભાગ તાત્કાલીક એકશન મોડમાં આવી ગયુ છે.




મળતી માહિતી મુજબ ગોધરા તાલુકાના વિંઝોલ અને જીતપુરા ગામના બાળકોને અચાનક તીવ્ર તાવ આવ્યા બાદ ખેંચ (આંચકી) આવવા લાગી હતી. બાળકોની સ્થિતિ ગંભીર જણાતા પરીવારજનો તેમને તાત્કાલીક ગોધરા સીવીલ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. જો કે ત્યાં તેમની તબિયત વધુ લથડતા વધુ સારવાર માટે વડોદરાની એસ એસ જી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન બંને માસુમ બાળકોએ દમ તોડી દીધો હતો. બે બાળકોના કરૂણ મોત બાદ પંચમહાલ જિલ્લા આરોગ્ય તંત્ર તાત્કાલીક પ્રભાવિત ગામોમાં દોડી ગયુ હતું અને વાયરસના ફેલાવવાને અટકાવવા માટે કામગીરી હાથ ધરી હતી. વિંઝોલ અને જીતપુરા ગામના દરેક ઘરમાં સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યુ છે અને જંતુનાશક દવાઓનો છંટકાવ (ફોંગીગ) શરૂ કરી દેવાયો છે. આરોગ્ય વિભાગની તપાસ દરમિયાન આ વિસ્તારમાંથી વાયરસનો ફેલાવો કરતી ૨૯૦ જેટલી સેન્ડફલાય માખીઓ મળી આવી છે. જે ચિંતાનો વિષય છે, આ માખીઓ મુખ્યત્વે કાચા મકાનોની દિવાલોમાં પડતી તિરાડોમાં આશ્રય લેતી હોવાથી તંત્ર દ્વારા આવી તમામ તીરાડોને માટી કે સિમેન્ટ થી પુરવાની અને લીંપણ કરવાની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે.

પંચમહાલ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં દર ચોમાસાની સીઝનમાં સેન્ડફલાય માખી કરડવાના કારણે ચાંદીપુરા વાયરસ સક્રિય થાય છે અને દર વરસે માસુમ બાળકો આનો ભોગ બને છે. ઈન્ડીયન કાઉન્સિલ ઓફ મેડીકલ રીસર્ચ દ્વારા છેલ્લા ૨ વરસથી આ વિસ્તારમાં આ ઘાતક વાયરસ પર સતત સંશોધન કરવામાં આવી રહ્યુ છે. પરંતુ કમનસીબે હજુ સુધી આ અંગે કોઈ નકકર પરીણામ કે ચોકકસ રસી / દવા હાથ લાગી નથી.

ચોમાસાની ઋતુમાં બાળકોને આખા બાયના કપડાં પહેરાવો, જો બાળકોને અચાનક તીવ્ર તાવ આવે, ઉલ્ટી થાય કે આંચકી (ખેંચ) જેવા લક્ષણો દેખાય તો ઘરગથ્થુ ઉપચાર કરવાના બદલે તેને તાત્કાલીક નજીકના આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિટલમાં લઈ જાઓ, સમયસરની સારવાર જ બાળકનો જીવ બચાવી શકે છે. ચાંદીપુરા વાયરસ મુખ્યત્વે બાળકોને અસર કરતો ગંભીર વાયરલ ચેપ છે. તેના લક્ષણોમાં તાવ, માથાનો દુઃખાવો, ઉલ્ટી, ઝાડા અને કેટલાક કિસ્સાઓમાં મગજનો સોજો જોવા મળે છે.

આ વાયરસ મચ્છર કરડવાથી ફેલાય છે. ખાસ કરીને ચોમાસા દરમિયાન તેનો પ્રકોપ વધવાની શકયતા રહે છે. લોકોને સાવચેત રહેવા અને વાયરસથી બચવા માટે જરૂરી તકેદારી રાખવા કહેવામાં આવ્યુ છે. જિલ્લા આરોગ્ય અધિકારીઓ દ્વારા બાળકોને મચ્છર કરડવાથી બચાવવા, ઘરની આજુબાજુ સ્વચ્છતા જાળવવા અને પાણીનો ભરાવો ન થાય તેની તકેદારી રાખવા કહેવામાં આવ્યુ છે.

# પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરાને વિધાનસભાના ચોથા માળે ચેમ્બર ફાળવાઈ : સરકાર દ્વારા પ્રજાના કામો માટે ચેમ્બર ફાળવવામાં આવતા ચાહકોમાં ખુશીનો માહોલ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં આગામી ૨૦૨૭ માં વિધાનસભા ચુંટણીઓ આવી રહી છે. નિગમોમાં ચેરમેન-વાઈસ ચેરમેનની જગ્યાઓ ખાલી છે. પરંતુ ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણીઓ અગાઉ હવે પ્રજામાં સારૂ પ્રદર્શન લાવવા ભાજપે તૈયારીઓ શરૂ કરી છે.

એક તરફ રાજયના ૨૬ મંત્રીઓની વધતી જતી ફરીયાદોને લઈ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદ એરપોર્ટ ઉપર બેઠક યોજી મંત્રીઓના કલાસ લીધા હતા. તેમાંય વર્તમાન કેટલાક મંત્રીઓએ સેવાના નામે વ્યવસાય શરૂ કર્યો હોય તેવી ફરીયાદો કેન્દ્રીય હાઈકમાન્ડ સુધી પહોચતા કેન્દ્રીય હાઈકમાન્ડ ચોકી ઉઠયુ હતું. આ બધાની વચ્ચે હવે સરકાર દ્વારા વિધાનસભાની ચુંટણીઓ જીતવા પૂર્વ મંત્રીઓનો સહારો લેવો પડયો છે. ત્યારે વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરાની કામગીરીને સરકારે નોધ લીધી છે. પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરાને જાહેર સાહસ સમિતિના ચેરમેન બનાવવામાં આવ્યા છે. જાહેર સાહસ સમિતિના



ચેરમેનની સાથે સાથે વિધાનસભાના ચોથા માળે સરકાર દ્વારા ચેમ્બર ફાળવવામાં આવી છે.

સરકારની આ કામગીરીને લઈ પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરાના ચાહકોમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

તો બીજી તરફ વરસોથી પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરાના નિવાસસ્થાને યોજાતો લોક દરબાર હવે વિધાનસભાના ચોથા માળે દર સોમવારે અને મંગળવારે સવારે ૧૧ થી ૨ વાગ્યાના સમયગાળા દરમિયાન યોજાશે. જેથી હવે પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરા ફાળવેલ સમયે પ્રજાને રૂબરૂ મળી પ્રજાના કામોનો ઝડપી નિકાલ કરાવશે તેવુ સુત્રો દ્વારા જાણવા મળી રહ્યુ છે.

### ૨૧ સીરીયલ બ્લાસ્ટ માં ૫૬ નિર્દોષ લોકોના મોત નિપજયા હતા

# ગુજરાત હાઈકોર્ટનો મોટો નિર્ણય : ૨૦૦૮ બ્લાસ્ટ કેસના દોષિતોની સજા યથાવત પરંતુ હુકમના અમલ પર ૩ મહિનાનો સ્ટે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ માં ગુજરાત હાઈકોર્ટે પોતાના ચુકાદાના અમલ પર ૩ મહિનાનો સ્ટે આપ્યો છે. આરોપીઓ તરફથી સુપ્રિમ કોર્ટમાં અપીલ કરવા માટે દાદ માંગવામાં આવી હતી. હાઈકોર્ટે પોતાના હુકમના અમલ પર ૩ મહિનાનો સ્ટે આપ્યો છે. આરોપીઓ હવે સજાના ચુકાદા સામે સુપ્રિમ ના દ્વાર ખટખટાવશે, મહત્વનુ છે કે આજે મંગળવારે સવારે ગુજરાત હાઈકોર્ટે વર્ષ ૨૦૨૨ માં સ્પેશ્યલ કોર્ટ (સીટી સેશન્સ કોર્ટ) દ્વારા સંભળાવવામાં આવેલી ૩૮ આતંકીઓની ફાંસીની સજા અને ૧૧ દોષિતોને અંતિમ શ્વાસ સુધીની આજીવન કેદની સજા યથાવત રાખવાનો આદેશ આપ્યો હતો.

ત્યારબાદ આરોપીઓ દ્વારા હાઈકોર્ટમાં સુપ્રિમ કોર્ટમાં અપીલ કરવા માટે સમય માંગવામાં આવ્યો હતો. જેને ધ્યાને રાખી ગુજરાત હાઈકોર્ટે પોતાના ચુકાદાના અમલ પર ૩ મહિનાનો સ્ટે આપ્યો છે. જેથી હવે ૩ મહિના સુધીના સમયગાળા દરમિયાન આરોપીઓ હાઈકોર્ટે આપેલી સજાને સુપ્રિમ કોર્ટમાં પડકારી શકશે.



૨૬ જુલાઈ ૨૦૦૮ ના રોજ અમદાવાદના અલગ અલગ ૨૦ સ્થળો પર થયેલા ૨૧ સીરીયલ બ્લાસ્ટમાં ૫૬ નિર્દોષ લોકોના મોત નિપજયા હતા અને ૨૦૦ થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ કેસમાં નીચલી અદાલતે દેશના ઈતિહાસમાં પહેલીવાર એક સાથે ૩૮ આરોપીઓને ફાંસીની સજા ફટકારી હતી. આ ફાંસીની સજાની પુષ્ટિ માટે રાજય સરકારે હાઈકોર્ટમાં અરજી કરી હતી. તો બીજી તરફ ૪૮ આરોપીઓએ પણ સજા સામે હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા. ૮ મી ફેબ્રુઆરી ૨૦૨૨ ના રોજ અમદાવાદની વિશેષ અદાલતના ન્યાયાધીશ એ આર પટેલે ૭૮ માં થી ૪૯ આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા. જયારે ૨૮ આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. ૧૮ મી ફેબ્રુઆરી ૨૦૨૨ ના રોજ સજાનો ચુકાદો સંભાળવવામાં આવ્યો હતો. અદાલતે ૩૮ દોષિતોને ગેરકાયદે પ્રવૃત્તિ (નિવારણ) અધિનિયમ અને ભારતીય દંડ સહિતાની કલમ ૩૦૨ હેઠળ ફાંસીની સજા ફટકારી હતી. ૧૧ દોષિતોને કુદરતી મૃત્યુ સુધી આજીવન કેદની સજા કરવામાં આવી હતી. ૪૮ દોષિતો પર ૨.૮૫ લાખ અને ૧ દોષિત પર ૨.૮૮ લાખ રૂપીયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. કોર્ટે મૃતકોના પરીવારજનોને ૧ લાખ રૂપીયા, ગંભીર રીતે ઘાયલોને ૫૦ હજાર રૂપીયા અને સામાન્ય ઈજાગ્રસ્તોને ૨૫ હજાર રૂપીયા વળતર ચુકવવાનો પણ આદેશ કર્યો હતો.

ફાંસીની સજા પામેલા આરોપીઓમાં (૧) ઝાહીદ ઉર્ફે જાવેદ કુતુબુદીન શેખ (૨) ઈમરાન ઈબ્રાહીમ શેખ (૩) ઈકબાલ ઉર્ફે ઈકરાર કાસમ શેખ (૪) સમસુદીન ઉર્ફે સમસુ શહાબુદીન શેખ (૫) ગ્યાસુદીન ઉર્ફે ગ્યાસુ અબ્દુલ સલીમ અંસારી (૬) મોહમદ આરીફ મોહમદ ઈકબાલ કાગઝી (૭) મોહમદ ઉસ્માન ઉર્ફે ઉસ્માન મોહમદ અનીષ અગરબત્તીવાળા (૮) યુનુસ મોહમદભાઈ મનસુરી (૯) કમરૂદીન ઉર્ફે રાજા ઉર્ફે અબ્દુલ્લા ચાંદ મોહમદ નાગોરી (૧૦) આમીલ પરવેઝ ઉર્ફે સીકંદર કાજી સૈફુદીન શેખ (૧૧) શીબલી ઉર્ફે સાબિત અબ્દુલ કરીમ (૧૨) સફદરહુસેન ઉર્ફે હુસેનભાઈ ઉર્ફે ઈકબાલભાઈ જહીરૂદીન ઉર્ફે જહરૂલહસન નાગોરી (૧૩) હાફીઝ હુસેન ઉર્ફે અદનાન ઉર્ફે તમીમ તાજુદ્દીન (૧૪) મોહમદ સાજીદ ઉર્ફે સલીમ ઉર્ફે સજ્જાદ ઉર્ફે સાદ ગુલામ ખ્વાજા મનસુરી (૧૫) અબુબ અસર ઉર્ફે મુફતી ઉર્ફે અબ્દુલ રસીદ ઉર્ફે અબ્દુલ્લા અબુબકકર શેખ (૧૬) અબ્બાસ ઉમર સામેજા (૧૭) જાવેદ અહેમદ સાદીર અહેમદ શેખ (સૈયદ) (૧૮) મોહમદ ઈકબાલ ઉર્ફે અબ્દુલ રાજીક ઉર્ફે મુસાફ ઉર્ફે ફુરકાન મોહમદ ઈશાક મનસુરી (૧૯) અફઝલ ઉર્ફે અફસર ઉર્ફે રાજા ઉર્ફે અજીતસિંહ ઉર્ફે સંજય પાંડે ઉર્ફે ઉસ્માની મુતલીબ ઉસ્માની (૨૦) મોહમદ આરીફ ઉર્ફે આરીફ બદર ઉર્ફે લાદાન બદરૂદીન શેખ ઉર્ફે જુમ્મન શેખ (૨૧) આસીફ ઉર્ફે હસન બશીરૂદીન શેખ (૨૨) મોહમદ આરીફ નસીમ અહેમદ મીરજા (૨૩) કયામુદીન ઉર્ફે મુસા ઉર્ફે અસફાક ઉર્ફે અબ્દુલ કાદીર ઉર્ફે રીઝવાન ઉર્ફે સમીર સરફુદીન કાપડીયા (૨૪) મોહમદ સૈફ ઉર્ફે રાહુલ શર્મા ઉર્ફે કેરીસેવા સદાબ અહેમદ શેખ (૨૫) ઝીસાન અહેમદ એહસાન અહેમદ શેખ (૨૬) જીયાઉર રહેમાન ઉર્ફે મોન્ટુ અબ્દુલ રહેમાન (૨૭) મોહમદ સકીલ ઉર્ફે સકીલ યામીનખાન લુહાર (૨૮) મોહમદ અકબર ઈસ્માઈલ ચૌધરી ઉર્ફે સઈદ (૨૯) ફઝલ એ રહેમાન ઉર્ફે સલાઉદીન ઉર્ફે રફીક મુસદીકખાન દુરાની (૩૦) અહેમદ બાવા ઉર્ફે અબુબકકર બરેલવી (૩૧) સરફુદીન ઉર્ફે શરીફ એટ સૈનુદીન ઉર્ફે અબ્દુલ સત્તાર ઉર્ફે સલીમ (૩૨) સૈફ ઉર રહેમાન ઉર્ફે સૈફુ ઉર્ફે સૈફ અબ્દુલ રહેમાન અંસારી (૩૩) સાદુલી ઉર્ફે હારીશ અબ્દુલ કરીમ (૩૪) મોહમદ તનવીર ઉર્ફે તલ્હા મોહમદ અખતર પઠાણ (૩૫) આમીન ઉર્ફે રાજા અયુદ નાજીર શેખ (૩૬) મોહમદ મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઈરફાન અબ્દુલ શકુરખાન (૩૭) મોહમદ રફીક ઉર્ફે જાવેદ ઉર્ફે આલમઝેબ આફ્રીદી મસ્કુર અહેમદ

# ઓનલાઈન ડેટિંગ એપ પર મિત્રતા પડી ભારે, યુવકનું અપહરણ કરી ૭૪ હજારની લૂંટ

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર શહેર નજીક ઓનલાઈન ચેટિંગ એપ્લિકેશન મારફતે ઓળખાણ કરાવી યુવકને ફસાવી અપહરણ અને લૂંટ ચલાવવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. જામનગરના દરેડ ગામના એક યુવકને ગે ડેટિંગ એપ દ્વારા મિત્રતા કરવી ભારે પડી હતી. આરોપીઓએ યુવકને મળવા બોલાવી કારમાં બેસાડ્યા બાદ અવાવરૂ સ્થળે લઈ જઈ માર માર્યો અને છરીની અણીએ ધમકી આપી કુલ ૭૪ હજારની લૂંટ ચલાવી હતી.

દરેડ ગામના રહેવાસી ભીખાલાલ ઉર્ફે રણમલ કળોતરાએ 'ગ્રાઈન્ડર' નામની ઓનલાઈન ડેટિંગ અને ચેટિંગ એપ્લિકેશન પર 'કરણ' નામની આઈડી ધરાવતી વ્યક્તિ સાથે વાતચીત શરૂ કરી હતી.